# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, અંબાજીથી ઉમરગામના આદિજાતિ પટ્ટામાં આગામી પાંચ વર્ષમાં વિવિધ કાર્યો માટે વાર્ષિક 35 હજાર કરોડ રૂપિયા ખર્ચાશે.**
2) **રાજ્યમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પુરસ્કાર આપવાની કૃષિ વિભાગની જાહેરાત**
3) **ગુજરાત ATS- દ્વારા ખોટા બિલના આધારે નશાકારક દવાઓ વિદેશ મોકલતા એક આરોપીની ધરપકડ**
4) **આણંદ ઉમરેઠના ધારાસભ્ય સ્વર્ગીય ગોવિંદ પરમારનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન**
5) **રાજ્યમાં આગામી ચાર દિવસમાં ગરમીમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસના વધારાની આગાહી**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# EVE CM SURAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આગામી પાંચ વર્ષમાં અંબાજીથી ઉમરગામના આદિજાતિ પટ્ટામાં શિક્ષણ, આરોગ્ય, માર્ગ સહિતના કામને વેગ અપાશે. આ માટે વાર્ષિક 35 હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. સુરતમાં તાપી-કરજણ લિન્ક પાઈપલાઈન ઉદવહન સિંચાઈ યોજનાના લોકાર્પણ પ્રસંગે શ્રી પટેલે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા રાજ્યના આદિજાતિ વિસ્તારને વિકાસની લીડ લેવા આહ્વાન કર્યું.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

સુરતના ઉમરપાડા અને નર્મદાના દેડિયાપાડા તાલુકાના 73 આદિવાસી ગામની 53 હજાર 750 એકર જમીનને આ યોજનાથી સિંચાઈની સુવિધાનો લાભ મળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ 208 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે આ યોજનાના વિસ્તરણના કામનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું.

# HARSH SANGHAVI SURAT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં વકીલોને ગુનાઓનો ભોગ બનેલી દિકરીઓને ન્યાય ઝડપી અપાવવામાં સંપૂર્ણ સહયોગ આપવા અપીલ કરી. જિલ્લા અદાલતની મુલાકાત દરમિયાન શ્રી સંઘવીએ વકીલો સાથે ન્યાયપ્રણાલિને લગતા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

# GOVT DECISION AGRICULTURE

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિ સન્માન પુરસ્કાર યોજના શરૂ કરાશે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બૉર્ડ હેઠળ આ યોજના લાગુ કરાશે. તે અંતર્ગત પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતોને પુરસ્કાર અપાશે. પ્રથમ એક લાખ 50 હજાર રૂપિયા, બીજો એક લાખ રૂપિયા અને ત્રીજા પુરસ્કારમાં 75 હજાર રૂપિયા અપાશે. આ અંગે કૃષિ વિભાગે પરિપત્ર પણ જાહેર કર્યો છે.

# GUJARAT ATS ARREST

ગુજરાત આતંકવાદ વિરોધી દળ – ATS-એ ખોટા બિલ અને કસ્ટમ ક્લિયરન્સના કાગળ બનાવી નશાકારક દવાઓ વિદેશ મોકલનારા એક વ્યક્તિની ધરપકડ કરી છે. જોકે, બે આરોપીઓ હજી ફરાર છે. આ ત્રણેય આરોપીઓ વિદેશમાં કેફી પદાર્થની તસ્કરી કરનારા સંગઠનના સભ્યોની સૂચના મુજબ મુંબઈ વિમાનમથકથી આ દવાઓ મલેશિયા અને થાઇલેંન્ડ મોકલતા હતા. આ અંગે ગુજરાત ATSના SP કે. સિદ્ધાર્થે વધુ માહિતી આપી.

(BYTE: K. SIDDHARTH, SP, GUJARAT ATS)

# GUJARAT DAM WATER

રાજ્યના મુખ્ય જળાશયોમાં કુલ પાણીનો 72 ટકાથી વધુ જથ્થાનો સંગ્રહ હોવાથી ઉનાળામાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી ઉપલબ્ધ છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરમા 74 ટકાથી વધુ પાણીનો સંગ્રહ છે. જ્યારે રાજ્યમાં સૌથી વધુ બે લાખ 34 હજાર MCFT પાણીનો જથ્થો દક્ષિણ ગુજરાતના જળાશયોમાં છે. ગયા વર્ષે માર્ચ 2025 કરતા આ વખતે રાજ્યમાં 4.15 ટકા પાણીનો જથ્થો વધુ ઉપલબ્ધ હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# JAMNAGAR PATROLLING

પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ વચ્ચે જામનગરના દરિયાકાંઠે સમૂદ્રી કાર્યદળ દ્વારા દરિયાકાંઠાના વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ કરાયું. ગુજરાત આતંકવાદ વિરોધી દળ – ATS અને દરિયાકાંઠાના વિસ્તારની સુરક્ષાના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જામનગરના સંવેદનશીલ કેન્દ્ર પર પણ તપાસ અભિયાન ચલાવાયું.

# MODI STADIUM T20 TAIYARI

અમદાવાદમાં આવતીકાલે ભારત અને ન્યૂઝિલેંન્ડ વચ્ચે રમાનારી ICC ટી 20 ક્રિકેટ વિશ્વકપની ફાઈનલ મેંચને લઈ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બોમ્બ શોધ અને નિકાલ ટુકડી – BDDSની ચાર અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – NDRFની એક, આઠ DCP, 14 ACP અને 27 પોલીસ ઇન્સ્પેક્ટર સહિત એક હજાર 800 પોલીસકર્મીઓ તહેનાત રહેશે.

આવતીકાલે અમદાવાદમાં મેટ્રો ટ્રેન પણ રાત્રે 12.30 વાગ્યા સુધી ચાલુ રહેશે.

બીજી તરફ, ભારતીય રેલવેએ મેચ જોવા અમદાવાદ આવતા લોકો માટે નવી દિલ્હીથી સાબરમતી વચ્ચે એક વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. રેલવેના અધિકારીઓએ જણાવ્યું, આજે રાત્રે પોણા 12 વાગ્યે નવી દિલ્હીથી આ ટ્રેન ઉપડીને આવતીકાલે બપોરે અઢી વાગ્યે સાબરમતી પહોંચશે.

# RIVABA JADEJA PROG

અમદાવાદમાં આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષ્યમાં અમદાવાદમાં અંગદાતા મહિલાઓનું સન્માન કરાયું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન – AMA ખાતે ખાનગી હૉસ્પિટલ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ આ તમામ મહિલાઓનું સન્માન કર્યું. આ પ્રસંગે તેમણે અંગદાન જેવી પહેલને પ્રોત્સાહન આપી અને સેવાસેતુ જેવા કાર્યક્રમ દ્વારા સરકારની યોજનાઓ અને જરૂરિયાતમંદ લોકો સુધી સહાય પહોંચાડવા સૌને સહભાગી થવા અપીલ કરી.

# WOMENS DAY

પાટણમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે “નારી ગૌરવ – હરિત ઉપહાર "કાર્યક્રમ યોજાયો કરવામાં આવ્યું. તેમાં 200થી વધુ મહિલાઓને નારી શક્તિનું સન્માન – એક નારી, એક છોડનો સંદેશ અપાયો.

મહીસાગરના જિલ્લાના  લુણાવાડાની  સ્થિત જિલ્લા અદાલત ખાતે ચિત્ર સ્પર્ધા, મહિલા જાગૃતિ શિબિર, વિના મૂલ્યે આરોગ્ય ચકાસણી શિબિર સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા.

સાબરકાંઠા જિલ્લામાં  ખેડબ્રહ્મા ટાઉનહોલ ખાતે ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય સેવાઓમાં યોગદાન આપતી  32 આશા બહેનોનું સન્માન કરાયું.  સુરતના બારડોલી તાલુકાના સુરત લેઉઆ પાટીદાર સમાજ હોલ ખાતે ૯ માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે ‘મહિલા સંમેલન’ યોજાશે.

# VADODARA JAN SUNAVANI

રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાજ્ય મહિલા આયોગ દ્વારા આગામી 10 માર્ચે વડોદરામાં મહા જનસુનાવણી યોજાશે. મહિલાઓને તેમની ફરિયાદ રજૂ કરવા અને સંસ્થાકીય સહાય મેળવવા સીધું અને સરળ મંચ ઉપલબ્ધ કરાવવાના હેતુસર અતિથિ ગૃહ ખાતે સવારે 11થી બપોરે 1.30 વાગ્યા સુધી આ સુનાવણી હાથ ધરાશે. મહિલાઓ અહીં રૂબરૂ ફરિયાદ કરી શકશે.

# GOVIND PARMAR DEMISE

આણંદમાં ઉમરેઠના ધારાસભ્ય સ્વર્ગીય ગોવિંદ પરમારનો પાર્થિવ દેહ આજે પંચમહાભૂતમાં વિલિન થયો. પોલીસ દ્વારા ગાર્ડ ઑફ ઑનર અપાયા બાદ સ્વર્ગીય ગોવિંદ પરમારની અંતિમવિધિ કરવામાં આવી.

ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના આગેવાનો, રાજકીય નેતાઓ, પોલીસ અને મહેસૂલી અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં તેમના સમર્થકોએ તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

છેલ્લા કેટલાક સમયથી બીમાર સ્વર્ગીય ગોવિંદ પરમારે ગઈકાલે રાત્રે અંતિમ શ્વાસ લીધા હતા. વર્ષ 1943માં જન્મેલા ગોવિંદ પરમાર જમીન સાથે જોડાયેલા નેતા હતા. તેમના અવસાનના સમાચાર મળતાં જ આણંદ જિલ્લા સહિત સમગ્ર રાજ્યના કાર્યકરોમાં શોકની લાગણી જોવા મળી છે.

ઉલ્લેખનીય છે કે, સૌપ્રથમ વર્ષ 2017ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ધારાસભ્ય તરીકે તેઓ ચૂંટાયા હતા. ત્યારબાદ વર્ષ 2022માં ફરી તેઓ ધારાસભ્ય બન્યા. વર્ષ 1997માં તત્કાલિન મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની સરકારમાં પણ તેઓ સારસા બેઠક પરથી ચૂંટાયા હતા. તે વખતે તેમણે ગ્રામવિકાસ મંત્રી તરીકે સેવા આપી હતી

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી ચાર દિવસમાં ગરમીમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગની યાદી મુજબ, રાજ્યમાં હાલ મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યું છે. તેમ છતાં હજી પણ સવારે ઠંડી અને બપોરે ગરમી એમ બે ઋતુનો અનુભવ પણ યથાવત્ છે.

દરમિયાન આગામી નવ અને 10 માર્ચે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તાર તથા સૌરાષ્ટ્ર કચ્છમાં ગરમ અને ભેજવાળી હવા રહેવાની પણ સંભાવના છે.

# 181 ABHYAM 12 YEARS

મહિલાઓ માટે મજબૂત સુરક્ષા કવચ સમાન "181 અભયમ્ મહિલા હેલ્પલાઈન"ને આવતીકાલે 12 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ સમયગાળામાં આ હેલ્પલાઈન દ્વારા કુલ 18 લાખ 10 હજારથી વધુ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન અપાયું છે. તેમજ ત્રણ લાખ 60 હજાર 964 જેટલા કિસ્સામાં અભયમ્-ની ટુકડીએ ઘટનાસ્થળે પહોંચીને મહિલાઓને તાત્કાલિક મદદ પહોંચાડી છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

(VOICECAST: HEMANGINI SONARA)

*(.... રાજ્યમાં મહિલાઓ માટે આશીર્વાદરૂપ 181 અભયમ્ મહિલા હેલ્પલાઈનનો આઠ માર્ચ 2015ના રોજ પ્રારંભ થયો હતો. 24 કલાક સાતે-સાત દિવસ ચાલતી આ સેવા દ્વારા ગત 12વર્ષનાં અત્યંત જોખમી પરિસ્થિતિમાં મુકાયેલી એક લાખ નવ હજાર 886 મહિલાઓને બચાવી તેમને સલામત આશ્રયસ્થાને પહોંચાડાઈ છે. ઉપરાંત આ સેવા દ્વારા બે લાખ 29 હજાર જેટલા કિસ્સામાં કાઉન્સેલિંગ એટલે કે, સલાહ આપીને વિવાદોનો સ્થળ પર જ નિકાલ કરાયો છે. આજે 181 મોબાઈલ એપના "પેનિક બટન" અને "ફોન શેકિંગ" જેવા ફિચર્સ મુશ્કેલીના સમયમાં ફોન કર્યા વિના મહિલાઓને હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે.*

*હેમાંગિની સોનારા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.*